## પ્રકરણ: ૧૭
## ગુજરાતપ્રીતિનાં કાવ્યો

"... India is great by the unity of her national coupled with rich diversity of her regional mind."

-Sri Aurobindo [1]

"દ્રવ્યસાર પારસ મની, વપુમેં વદન સુહાત,
સાર તરૂનકો ફલ જ્યુંહી, ઉર્વિસાર ગુજરાત". [૨]

જે વિશિષ્ટ ભૂમિભાગમાં મનુષ્ય વસી રહ્યો છે, તે તરફ પ્રીતિ ધરાવવી, એ મનુષ્યની ખૂબ પ્રાચીનકાળથી દેખાતી એક લાગણી છે. રાષ્ટ્ર-વાદનો જ્યારે જન્મ કે વિકાસ નહોતો થયો, ભારતને જ્યારે આપણે "પોલિટિકલ સ્ટેટ" કે "નેશન સ્ટેટ" તરીકે નહોતા જોતા, "કલ્ચરલ સ્ટેટ" રૂપે જોતા હતા, ત્યારે પણ ભૂમિપ્રીતિનો એ ભાવ આપણામાં હતો. આવી ભૂમિપ્રીતિના સ્થાનિક અંકુરો હોઇ શકે. આધુનિક કાળમાં, દેશને આપણે કલ્ચરલ સ્ટેટ ઉપરાંત પોલિટિકલ સ્ટેટ તરીકે જોતા થયા, રાજકીય દ્રષ્ટિએ દેશ એક અને અખંડ સ્વરૂપનો પ્રતીત થવા લાગ્યો, એ સમયે પણ ભારતવાસીની દેશપ્રીતિનાં મૂળ સ્થાનિક રહી શકયાં હતાં ખરાં, અને એમાં કાંઇ અજુગતુંયે નથી. મનુષ્યનો દેશપ્રેમ પ્રાદેશિકતાના માધ્યમ દ્વારા વિસ્તરીને સમગ્ર રાષ્ટ્રની કક્ષાએ પહોંચવા માટે સામાન્યરીતે મથતો દેખાય છે. ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં આમ બને તે સ્વાભાવિક છે.

ભારતમાં સાંસ્કૃતિક ઐક્ય છે ખરું, પણ વૈવિધ્યને સાચવીને પ્રગટતું એ ઐક્ય છે. ભારતના દરેક પ્રદેશને એની વિશિષ્ટતાઓ વળગેલી છે, દરેક પ્રદેશને વિશિષ્ટ સાંસ્કૃતિક અસ્મિતા પ્રાપ્ત થયેલી છે. એ વિશિષ્ટ અસ્મિતા, અલબત, ભારતની સામાન્ય સાંસ્કૃતિક અસ્મિતામાં ઓતપ્રોત થયેલી છે. ગુજરાતની વિશિષ્ટ સાંસ્કૃતિક અસ્મિતા આખરે તો એક

વાયુમંડલ જેવી ભારતીય સંસ્કૃતિના અવિયોજ્ય ભાગરૂપ છે. એટલે, કવિ જ્યારે ગુજરાતના પ્રકૃતિસૌંદર્યને, ગુજરાતના જનજીવનની મોહકતાને, એના કુટુંબજીવનની માધુરીને, એના ઐતિહાસિક વૈભવ અને વારસાને નિહાળીને રાચી ઉઠતો હોય તથા એનું કાવ્યક્ષમ ઉચ્ચારણ કરતો હોય ત્યારે પ્રકારાંતરે એની રાષ્ટ્રીય અસ્મિતાને જ આવિર્ભૂત કરી રહયો હોય છે, એમ સમજવું જોઇએ. આવી સ્વસ્થ પ્રાદેશિક પ્રીતિ ભારતમા રાષ્ટ્રીયતાનો મૂલાધાર બની રહેલ છે.

ગુજરાતપ્રીતિનાં કાવ્યો, પ્રાંતીય સંકુચિતતાગ્રસ્ત થયેલાં હોય એવું જણાતું નથી. ગુજરાતને "હિંદમાતાની લાડીલી બાળ" તરીકે કવિઓએ જોઇ છે. સંસારસુધારકાળનાં કાવ્યોમાં ગુજરાતને કયારેક ગુર્જરરાષ્ટ્ર તરીકે જોવાનું વલણ પ્રગટ થાય છે, પરંતુ ત્યાં રાષ્ટ્ર શબ્દના કોઇ રાજકીય અર્થમાં ગુજરાત પ્રત્યે જોવામાં આવતું હોય એમ જણાતું નથી. ગુજરાતને ભારતદેશથી અલગ જોવાની કવિઓની કોઇ વૃત્તિ નથી. ગુર્જરપ્રશસ્તિનાં કાવ્યોની પ્રાદેશિકભક્તિની લાક્ષણિકતા એ છે કે સમગ્ર ભારત માટેની પ્રીતિમાં એ બાધક નથી થતી. વાસ્તવમાં, સમગ્ર દેશ માટેના પ્રેમભાવને એ પરિપુષ્ટ કરે છે. ગુજરાતી કવિતામાં રાષ્ટ્રભક્તિના એક સ્વાભાવિક અને સ્વસ્થ આવિષ્કારરૂપે પ્રાદેશિક પ્રીતિનું નિરૂપણ થયેલું છે. એ નિરૂપણ વિશે, જો કે, એમ કહી શકાય કે એ ગુણગ્રાહકતામાં રાચે છે તથા ગુજરાતની વાસ્તવિકતા સાથે સંબંધિત ન હોય એવી અતિશયોક્તિઓમાં કેટલીકવાર મહાલે છે. વળી, કાળક્રમે ગુજરાતનું પ્રશસ્તિગીત રચવાની એક કારિકા પણ બંધાઇ ગયેલી માલૂમ પડે છે. ગુજરાતના મહાનપુરુષોનું સ્મરણ, ગુજરાતની પ્રકૃતિશોભાનું આલેખન, ગુજરાતના ભૂતકાળ વિશેનું અભિમાન અને એના ભાવિગૌરવ વિશેની આશા તથા ગુજરાતની કેટલીક લાક્ષણિકતાઓનું ગુણસંકીર્તન - આટલું તો ગુજરાતનાં પ્રશસ્તિગીતમાં એક યા બીજા સ્વરૂપે જોવા મળવાનું જ.[3] આ કારિકાના ઘડતરમાં નર્મદના "જય ! જય! ગરવી ગુજરાત !" નો ફાળો જોઇ શકાય. છેલ્લાં સો વર્ષમાં રચાયેલાં ગુર્જરપ્રશસ્તિ-નાં ગીતોને સાથે અવલોકતાં એકવિધતાની એક સામાન્ય છાપ પડે છે, કયારેક તો ઊર્મિની ઔપચારિકતાની આશંકા પણ જાય.

હવે ઐતિહાસિક ક્રમમાં ગુજરાતપ્રીતિનાં કેટલાંક મહત્વનાં અવલોકીએ. "ગુજરાતની અસ્મિતાનો પહેલો કાવ્યમય ઉદ્ગાર" [૪] નર્મદના "જય! જય! ગરવી ગુજરાત!" "કોની કોની છે ગુજરાત?" "આપણે ગુજરાતી", "સૂરત" જેવાં કાવ્યોમાં થયેલો છે. "આપણે હિંદી" એવો કોઇ ઉદ્ગાર કાઢવાને બદલે "આપણે ગુજરાતી" એવો ઉદ્ગાર નર્મદ કાઢે છે. પરંતુ ગુજરાતને ભારતથી અલગ પ્રાંત તરીકે જોવાની એની વૃત્તિ નથી. એ કહે છે: "... ".. આપણી ગુજરાત... હિંદુસ્તાનના એક મોટા કૌવતવાળા સુંદર અંગરૂપે જગતમાં કાંતિમાન ને કીર્તિમાન થઇ રહે." [૫]

"અરે શું મારા ગુજરાતીઓ, પ્રથમથકી છે ભોળા?" એવા પ્રશ્નના જવાબમાં "આપણે ગુજરાતી" કાવ્યના ટિપ્પણમાં આ અદમ્ય આશાવાદી તથા પુરુષાર્થનિષ્ઠ લેખક લખે છે: "... જ્યારે જગતમાં શૂરવીર તે કાળે કરીને દુર્બલ બન્યા છે ને ગુલામ થાય છે તો દુર્બલ ને ગુલામ કાળે કરીને મોટા શૂરવીર કેમ ન થાય? માટે પુરુષપ્રયત્ન મોટી વાત છે". [૬] પુરુષપ્રયત્ન પરત્વેનો આ હિમ્મતબાજ કવિનો ઝોક "આપણે ગુજરાતી" કાવ્યમાં સ્પષ્ટ વરતાઇ આવે છે:

"ઉઠો રે ગુજરાતપુત્ર, સજો જુધ્ધ કાજે,
પૂર્વરંગ ખેંચવાને રણ ધૂમો સસાજે."

"આપણે ગુજરાતી" તથા "જય! જય! ગરવી ગુજરાત!" કાવ્યો લગભગ સમયે ગુજરાતમાં ઉત્સાહપૂર્વક ગવાતાં હતાં. આમાંનું બીજું કાવ્ય ગુજરાતનું એક સુપ્રસિધ્ધ પ્રશસ્તિગીત બન્યું છે. શુધ્ધ કાવ્યત્વની દ્રષ્ટિએ જોઇએ તો એ કાવ્ય સળંગ સારું બની શક્યું નથી. આગિયાના ચળકાટ જેવી નર્મદની કવિ-પ્રતિભા એમાં એકલદોકલ પંક્તિઓમાં ઝબકીને વિલીન થઇ જાય છે. પરંતુ અહીં મહત્વની હકીકત ગુજરાતની તથા સમગ્ર દેશની કાળરાત્રિ વીતી ગઇ છે તથા "અરૂણું પરભાત" સોહી રહ્યું છે એ વાત જાગૃતિના વૈતાલિકની છટાથી નર્મદે કહી છે એ છે.. "ગુજરાત કોની?" કાવ્યમાં નર્મદની સહિષ્ણુ-વૃત્તિ તથા સર્વાત્મભાવ પ્રગટ થાય છે. જન્મસ્થળ વિશેની નૈસર્ગિક પ્રીતિથી ઉષ્માવંત બનેલું "સૂરત" કાવ્ય સર્જીને નગરકાવ્યો લખવાની સર્વપ્રથમ શરૂઆત

નર્મદે કરી છે. "બળબળતી કરુણતા" માં પીંછી ઝબોળીને સૂરતનું ચિત્ર કવિએ પાડ્યું છે.

"દેશ ગુજરાત દુનિયામેં જૈસો દીસે બાગ, અહમદાબાદ વામેં ઉત્તમ અટાલી હૈ,"[7] એમ "શ્રવણાખ્યાન"ની ભાષાકવિતામાં ગાનાર દલપતરામની ગુજરાત માટેની અસ્મિતા ગુજરાતી ભાષા પ્રત્યેની પ્રીતિરૂપે આવિષ્કૃત થઇ છે. "રૂડી ગુજરાતી વાણીરાણીનો વકીલ છું," એ રીતે પોતાને ઓળખાવનાર દલપતરામે વડોદરાના ખંડેરાવ ગાયકવાડને "ભારતવર્ષ વિશે બીજી ભારતી" એવી ગુજરાતીને રાજ્યમાં ગૌરવયુક્ત સ્થાન આપવાની અપીલ કરી હતી. એમાં માતૃભાષાને સમૃધ્ધ બનાવવાની કવિની આકાંક્ષા જોઇ શકાય:

"છો રાજા ગુજરાતના, લઇ તેનું ધનધાન,
ભાષા માની મરાઠીને, દો છો મોટું માન,
દિલગીર રહે છે ગુર્જરી, સજે નહિ શણગાર,
એનું દુઃખ ઉચારવા, આવ્યો છું આ વાર."

"ગુણવંતી ગુજરાત" નો ૧૮૫૭ના "બંડથી કર્યો બચાવ," એ માટે ગાયકવાડને આભારવશ રહેવાનું કવિ ગુજરાતી પ્રજાને સમજાવે છે:[००]

દલપતરામનું ગુજરાત વિશેનું એક કાવ્ય "રળિયામણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો" ઠીક જાણીતું બન્યું છે. પ્રારંભની એક પંક્તિ ધ્યાન ખેંચે એવી છે, એ સિવાય, કાવ્યમાં લૂખું સૂકું વર્ણન છે. દલપતરામે "રળિયામણી ગુજરાત" માં ગુજરાતના વિવિધ સ્થળો ભૂતકાળમાં મળતી પણ આજે નામશેષ થઇ ગયેલી કેટલીક વસ્તુઓનું જો વર્ણન કર્યું છે તો નવલરામ પંડયાએ "ગુજરાતની મુસાફરી" :"બાળગરબાવળી" ૧૮૭૭: માં ગુજરાતના વિવિધ વિભાગોની, એમને સૂઝી તેવી, પ્રજાકીય તાસીરને આલેખિત કરી છે:

"આપે જણાય છે આવ્યું ચરોતર, બોલી ને બુધ્ધિ જ્યાં જાડી રે,
પણ ઉદ્યોગી, ખતી, ઠરેલા, કોસરમાંએ પવાડી."

---

०० "ગુણવંતી ગુજરાત" એવો પ્રયોગ સર્વપ્રથમ કરનાર દલપતરામ હતા.

પછી કાઠિયાવાડનો ઉલ્લેખ આવે છે:

"કાઠિયાવાડે હાલ નથી ભો, હાલો તે ભણી જઇએ રે,
દેશીરાજનાં દુખડાં દેખી, દિલમાં દુખિયાં થઇએ.
...સુદૃઢ,શૂરા,શોખી,શાણા,ખારીલા ખટપટવાળા રે,
માની, માન મ્હસ આપી લેતા, લોક આણીકોર ભાળ્યા રે."

દરેક કવિને ગુજરાતનું જગતમાં દેખાતું વિરલત્વ ગાવાનું મન થયું છે. ગુજરાત વિશેની સ્નેહસભર વાણી એથી નવલરામ ઉચ્ચારે છે: "રૂડો!રૂડો! મુલક ગુજરાત રૂડો ! જગદીશે જગતમાં ખૂબ ઘડયો !" ગુજરાત વિશે આવાં વચનો ઉચ્ચારતી વેળાએ કવિનું ચિત્ત સ્વાભાવિક રીતે જ સમગ્ર દેશની હિતચિંતા પ્રત્યે વળે છે. અહીં નવલરામની પ્રાદેશિકભક્તિ અને રાષ્ટ્રભક્તિ પરસ્પર એકરૂપ થઇ જતાં જણાય છે:

"મૂકી મમત, આળસ,ઇર્ષા,સર્વે, દેશદાઝે ઘૂમો!ઘૂમો ગર્વે !
કરો ગર્વે ગરૂઓ મુલક પાછો ! સુતાં બેઠાં સ્વદેશનું સુખ વાંચ્છો!"

"ભવાનીકાવ્યસુધા" :૧૮૭૮: માં ભવાનીશંકર નરસિંહરામે ગુજરાતને બગીચારૂપે જોયો છે:

"ગણાય આ ગુજરાત, બધા દેશનો બગીચો,
ભળાય કુદરતી ભાત, ભરેલો ભલો ગલીચો."

ગુજરાતને કુદરતી સૌંદર્યમંડિત તથા સમૃધ્ધિસભર પ્રદેશ તરીકે જોવા માટે ગુજરાત પ્રત્યેની કવિઓની પક્ષપાતભરી દૃષ્ટિને કારણભૂત ગણી શકાય. ગુજરાતનાં પ્રશસ્તિગીતો વાંચતાં એવો ભાગ્યે ખ્યાલ જાય કે ગુજરાતમાં સૂકા વેરાન પ્રદેશો તથા ગરીબી પણ છે. ન્હાનાલાલ અને ખબરદારમાં પણ ગુજરાત તરફના સ્નેહભર્યા પક્ષપાતનો ઘેરો રંગ દેખાય છે, એનો ઉલ્લેખ પાછળથી કર્યો છે.

હવે બેહેરામજી મલબારીની ગુર્જરભક્તિ વિશે વાત કરીએ. મલબારીના કવનમાં, એના આરંભકાળથી જ, ઊંડી ગુજરાતપ્રીતિ ધબકતી જોવા મળે છે. મલબારી એમના સમગ્ર જીવનકાળ દરમિયાન દેશસેવાનાં કાર્યોમાં ગૂંથાયેલા રહ્યા હતા.[8] દેશસેવા માટેની એમની વૃત્તિપ્રવૃત્તિનો પડઘો એમની કવિતાએ પાડયો છે.

દલપતરામના "ગુર્જરવાણી વિલાપ"ની અસર નીચે "નીતિવિનોદ" :૧૮૭૫: માં મલબારીએ "સંસ્કૃત માતાનો પોતાની દુખિયારી પુત્રી માટે વિલાપ," રચ્યું છે:

"ઉત્તમ સંસ્કૃત અંગજા, સરસ્વતીની ટેક!

ગુણવંતી ગુજરાતની ભાષા ભરી વિવેક !

...આ સંસ્કૃતની પુત્રીને, દિયો અમલ સહુ ઠામ."

રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણ માટે સ્વભાષા જેવું અનુકૂળ બીજું એકેય માધ્યમ નથી."જે ભાષા દેહથિકે અણુઅણુમહિં આંદોલનો લોલ લાવે" તે ગુજરાતી માટે કવિઓએ પૂજાલાલની જેમ વળીવળીને વાંચ્છયું છે: "ચૈતન્ય-સિંધુમાં એનું બઢો માધુર્ય મોક્ષદા."[૯]

મલબારીએ પોતાનો એક કાવ્યસંગ્રહ "અનુભવિકા" :૧૮૯૪: ગુજરાતને અર્પણ કર્યો છે:

"ધન ધન ગરવી ગુજરાત !માતુશ્રી મારી રે!

નિરખી વદનકમળ રળિયાત, ગાઉં બલિહારી રે."

ગુજરાત વિશેનું મલબારીનું પ્રસિધ્ધ પ્રશસ્તિગીત તે "ગુજરાતનું ભાવિ ગૌરવ" (:"સંસારિકા," ૧૮૯૮:)·એના ઉપર રાજ્યદ્રોહનો આરોપ આવ્યો હતો તેનો આગળ :પ્ર. ૬માં: ઉલ્લેખ કર્યો છે. ગુજરાતની દુર્દશા વિશેનું ભારે દુ:ખ અનુભવીને એમાં કવિ ઉત્કટ સ્વદેશદાઝપૂર્વક કહે છે:

"છયાસી લાખ નિજ પ્રજા, છતાં વંઝા રંડાણી -

આર્યપુત્રી !અનુપમા, હિંદ સુંદરી હિંદવાણી."

ગુજરાતને સંબોધાયેલાં એ કાવ્યમાંનાં ઘણાંખરાં વચનો સમગ્ર ભારત માટે પ્રયોજી શકાય એવાં છે:

"ન મળે શૌર્યઉમંગ, આર્ય અભિમાન કશું રે,[oo]

દેશદાઝ વણ પડી, પરાધીન પ્રજા પશુ રે

..જતા આવતા સર્વ યવનની આણ તું માને·

હાય! કેમ જીવાય, પરાધીન એ સ્થિતિમાં ?

---

oo મલબારી તેમજ ખબરદારમાં દેખાતું આર્યત્વવિશેનું અભિમાન ધ્યાનપાત્ર ગણી શકાય.

..માડી !ઉઠ,કર જોડ, ક્ષમા માગી લે વ્હેલી,
કર્તવ્યે પડ્ બ્હાર હિંદમાં સહુથી પ્હેલી !"
..દેશદેશ વગડાવ શંખ તુજ સ્વાધીનતાનો,
બધે એકતા ભજવ, પરાજય કરી ભિન્નતાનો.
..અર્પી દઉં સો જન્મ, એવડું મા! તુજ લ્હેણું,
સો આપું લઇ એક, સહસ્ત્ર આપું હું એકે,
ગુર્જરદેશ ફરી જોઉં, દીપતો સત્યવિવેકે."

પરાધીનતાની વેદના, કર્તવ્ય માટેનો તનમનાટ, ભિન્નતાનાં પરિબળોને પરાજિત કરી એકતાનો વિજયધ્વજ લહેરાવવાનો અભિલાષ, દેશજન તરીકે માથે રહેલું માતૃભૂમિનું અણખૂટ રૂણ અદા કરવાની તત્પરતા તથા ગુજરાતને અને એ રીતે દેશને સત્યવિવેકથી દીપતો જોવાની કવિની તાલાવેલી એની પારદર્શક સચ્ચાઇરૂપે ઉપર્યુક્ત પંક્તિઓમાં પ્રકાશી રહે છે. મલબારીની દેશભક્તિની આવી કવિતા વાંચતી વેળાએ પ્રો. ઠાકોરનું એક વિધાન યાદ આવે છે: "માનવકુલને માટે શક્ય એવી ઉત્કૃષ્ટ ભાવનાઓ, સત્યયુગની સર્વતોભદ્ર સમ્પૂર્ણતાના જેવી આશાઓ, કવિહૃદય પોતાની જન્મભૂમિ વિશે બાંધે અને બહલાવે, તે બધું યે છાજે અને શોભી ઉઠે એવો આ વિષય છે."[૧૦]

મલબારી જાણે છે કે એમના જીવનકાળમાં દેશને સ્વાધીન થયેલો એ જોઇ શકવાના નથી. જો કે, સ્વાધીનતા વહેલીમોડી આવવાની જ છે એની એમને પ્રતીતિ તો છે, "પણ તે દિન હજી દૂર, નથી મારા વારામાં." "માતદુ:ખમુઝવણે ગાળી નાખ્યો જન્મારો" એમ ગાનાર કવિ મલબારી માતૃભૂમિના ઉજ્જવળ ભાવિની આશા સાથે વિદાયનાં વચનો ઉચ્ચારે છે:

"નમન હાલ, ગુજરાત માત! આ સલામ છેલી,
સફળ થાજો આશીષ, ભક્તપુત્રે આપેલી."

કવિશ્રી ન્હાનાલાલે ગુર્જરપ્રશસ્તિનાં કેટલાંક ઉત્તમ કાવ્યો રચ્યાં છે. એમાં કવિની રાષ્ટ્રીય અસ્મિતાનો ક્ષેત્રીય :રીજીઓનલ: આવિષ્કાર જોઇ શકાય. ન્હાનાલાલનાં પ્રાદેશિક ભક્તિનાં કાવ્યોમાં ગુજરાતની રિધ્ધિ-સિધ્ધિ તથા ગુજરાતના પ્રકૃતિવૈભવની રસમય ગૂંથણી થયેલી માલૂમ પડશે.

વળી, ન્હાનાલાલ જેવાં ગુજરાતનાં પ્રેમ તથા કલ્પનાસભર કાવ્યાત્મક ચિત્રો ગુજરાતી કવિતામાં અન્યત્ર બહુ ઓછાં મળશે. આ પ્રકારનાં કાવ્યોમાં "ગુર્જરી, નવગીતા ગાજે" : ન્હાનાલાલ ન્હાના રાસ, ભા. ૩: "ગુર્જરી કુંજો" :"અહ! અદભુત ને રસસુન્દરશી અમ દેશની કુંજઘટાઓ!": તથા "ધન્ય હો! ધન્ય જ પુણ્યપ્રદેશ!" :"ચિત્રદર્શનો": જાણીતાં થયેલાં છે. આમાંનું છેલ્લું તો ગુજરાતનું એક પ્રથમપંક્તિનું પ્રશસ્તિગીત ગણાયું છે. એમાં ગુજરાતની પુરાણકાલીન ભવ્યતા, ગુજરાતના ઘૂઘવતા સાગરકિનારા, વનરાઇઓમાં ગર્જતા વનરાજો, ધર્મભાવનાની સાખ પૂરતાં ગિરિમાળાએ શોભતાં મંદિરો, સતીત્વવિભૂષિત આર્ય સન્નારીઓ, ગુજરાતના પ્રજાજીવનનાં નાનાં નાનાં એકમો, પારકાને પોતાના કરવાનું ગુજરાતનું પટુત્વ, ગુજરાતીઓનો દુનિયાભરમાં થયેલો બહોળો પથરાટ, ગુજરાતની સમૃધ્ધિ, ગુજરાતના મહાપુરુષો, ઇ. નું, કવિહૃદયના માતૃભૂમિ માટેના ઉમળકાથી દીપતું અને સ્મરણીય કાવ્યપંક્તિઓથી સોહતું-ગુજરાતના સમગ્ર જીવનને ઉંડળમાં લેવા મથતું એક સમન્વિતરૂપનું કાવ્યચિત્ર આલેખાયું છે. ગુજરાતી પ્રજાની અહિંસકવૃત્તિ, એ સાથે પ્રજાજીવનમાં દેખાતી શૂરવીરતા અને સાહસિકતા, ગુજરાતના સ્વભાવની સહિષ્ણુતા, મુલાયમતા અને અનુનેયતા પ્રસ્તુત કાવ્યમાં મૂર્તિમંત થયેલ છે.

ન્હાનાલાલનાં ગુજરાતવર્ણનો આસ્વાદતાં એમ લાગે કે ગુજરાત તો નંદનવન સમો પ્રદેશ છે ને એમાં ક્યાંય દારિદ્ર, અજ્ઞાન, પછાતપણું, ઇ. જેવું કશું જ નથી! શ્રી. આનંદશંકર ધ્રુવે આવાં કાવ્યોની વિશેષતા દર્શાવતાં યથાર્થ જ કહ્યું છે કે ન્હાનાલાલના સર્જનમાં"... સ્વદેશભક્ત નહિ, પણ કલ્પનાનું સૌંદર્ય ... પ્રધાન સ્થાને રહે છે."[૧૧] ગુજરાતના જીવનની કઠોર વાસ્તવિકતાઓના નિરૂપણની દ્રષ્ટિએ, નક્કર વસ્તુઓના આગ્રહી વાચકોને ન્હાનાલાલનાં કાવ્યો ઊણાં પણ લાગે. ન્હાનાલાલનું સૌંદર્યદર્શી, ભાવનાશીલ, કલ્પનાભીનું, ગુણગ્રાહી માનસ ગુજરાત વિશે સ્નેહવશ બનીને ક્યારેક અતિશયોક્તિઓ ઉચ્ચારી બેસે છે. એનું એક ઉદાહરણ:

"તીર તીર જઇ સ્થાપી ગુર્જરી સંસ્થાનોની વેલ,
મહાસાગરના પૃથ્વી વિશાળ,
સરોવર કીધાં ગુર્જરબાળ – ધન્ય હો !"૦૦

ઈંગ્લાંડના સંસ્થાનો દ્વારા પશ્ચિમની સંસ્કૃતિનો જે રીતે પ્રવાહ થયો હતો, તે રીતે ગુજરાતના દેશપરદેશના ફેલાવા વિશે કહી શકાય એમ નથી, એ વાત સાચી છે, પરંતુ, ન્હાનાલાલે ગુજરાતના પથરાટ વિશે કરેલી ઉપર નિર્દેશેલી અતિશયોક્તિમાં પ્રો. ઠાકોરે દેખી છે એવી "આપણી પોચી પ્રજાની ભાટને સુલભ ખુશામત જ"[૧૨] જોવામાં ન્હાનાલાલને અન્યાય કરવા જેવું થાય છે. દેશવિદેશમાં ફેલાયેલા ગુજરાતીઓએ જે તે પ્રદેશોમાં "ગુર્જરી સંસ્થાનોની વેલ" સ્થાપી, એવા ન્હાનાલાલના કથનને માત્ર એના વાચ્યાર્થમાં સ્વીકારવાને બદલે એના લક્ષ્યાર્થમાં સ્વીકારીએ – જ્યાં જ્યાં ગુજરાતીઓ વસ્યા ત્યાં ત્યાં નાનું શું ગુજરાત જાણે કે ખડું થયું – તો "સંસ્થાનોની વેલ"માં કવિસહજ અત્યુક્તિ જણાશે, પણ "ભાટને સુલભ ખુશામત" તો નહિ જ લાગે.

ખબરદારના કવનનો એક મુખ્ય વિષય રાષ્ટ્રભક્તિ છે. એમણે ગુર્જર-પ્રશસ્તિનાં ઘણાં કાવ્યો રચ્યાં છે. ખબરદારની કવિતામાં વહેતા રાષ્ટ્ર-ભક્તિ તથા ગુર્જરભક્તિના સમાંતર પ્રવાહો પ્રતિસ્પર્ધાભાવે પરસ્પરને ક્ષીણ નથી કરતા, પણ પરસ્પરપુષ્ટિ કરે છે. આ વાત માત્ર ખબરદારની કવિતા માટે જ નહિ, પણ સમગ્ર ગુજરાતી કવિતા માટે પણ સાચી છે... ખબરદારે ગુજરાતને "શુભ હિન્દની વાડી" તરીકે ઓળખાવેલ છે.

"રાષ્ટ્રિકા" માં સંગ્રહાયેલાં ગુજરાતનાં ગીતોની અવતરણ ક્ષમતાનો ગુણ ધરાવતી કેટલીક :"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" જેવી: પંક્તિઓ લોકમુખે રમતી કહેવતોરૂપ બની ગઇ છે. ખબરદાર-નાં કેટલાંક જાણીતાં ગુજરાતગીતોમાં ૧૯૦૭ની બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ૧૯૨૬ની સાહિત્ય પરિષદ સમયે અનુક્રમે રચાયેલાં નીચેનાં ગીતો ગણાય છે:

"ગુણવંતી ગુજરાત! અમારી ગુણવંતી ગુજરાત!
નમિયે નમિયે માત! અમારી૦

+ + +

"ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર હિમ પ્રીત."

ગુજરાતનું ~~સ્નેહભર્યું~~ સ્નેહભીનું ચિત્ર આપતી વેળાએ કવિની આંખમાંથી અમૃત જાણે નીતરે છે. "ગુણિયલ" ગુજરાતને નંદનવનશો સમૃધ્ધ પ્રદેશ કહેતી વેળાએ કવિ પોતાના ગુજરાતચિત્રમાં કલ્પનાના રંગો ઉમેરે છે. "લીલમ લીલી લચી રહી રે લક્ષ્મી શી આ તુજ કુંજ," તથા "સુરકન્યા જેવી મારી ગુજરાત સોહામણી રે, ઢળકે અઢળક એની લક્ષ્મીના અંબાર." ગુજરાત જાણે લક્ષ્મીપતિઓનો પ્રદેશ છે એવી આભાસયુક્ત છાપ પ્રસ્તુત પંક્તિઓ ઉભી કરે છે. આવી પંક્તિઓમાં "નથી વાસ્તવિકતા કે નથી કવિતા,"[13] એવું ઠાકોરનું વિધાન સાચું જણાય છે.

ખબરદારનાં ગુજરાતગીતોમાં પરભાષાની કૃતિનું ક્યારેક અનુરણન સંભળાય છે. "એ ટાણે ગુજરાતે રહેવું કેવું છે રૂડું! જ્યારે નવરાત્રિમાં ગરબા રોજ ગવાય," એ પંક્તિઓમાં રોબર્ટ બ્રાઉનીંગના કાવ્ય Home thoughts from abroad ની 'Oh, to be in England now that April's there - નો પડઘો સાંભળી શકાય.

"નિત્યવસંતભર્યાં ખેતરો"[oo], "નદ અને નાળાં," સરોવરો, ગિરિઓ, સાગરનાં ગર્જનો, સમરવીર સુભટો, ધર્મધુરંધર સંતો, ગરવી ગુજરાતણો તથા સત્ય-અહિંસાનાં "મોહનમંત્રો"નાં ગીતો ખબરદારે ગાયાં છે. "હિન્દુ, મુસલમિન, પારસી સર્વે" ગુર્જરીનાં બાળ કવિને લાગ્યાં છે. ગુજરાતના ભૂતકાળમાંથી પ્રેરણા લઈને ગુર્જરપુત્રોને વર્તમાનમાં કર્મવીરો બનવાનું ઉદ્બોધન કવિએ કર્યું છે:

"ઊઘડયાં પુણ્યપ્રભાત રસાળાં! ઊઘડયાં ભાગ્ય ભલેરાં દેશ!
રણશિંગા ફૂંકાય ફરી આ: કર્મવીર! હઠશો નવ લેશ!"

---

oo ન્હાનાલાલની જેમ ભાવભક્તિ તથા કલ્પનાવિલાસની પ્રબળતા ખબરદારનાં ગુર્જરગીતોમાંયે દેખાય છે.

ખબરદારનાં ગુર્જરપ્રીતિનાં કાવ્યોમાં નર્મદનું સ્મરણ કરાવે તેવો હૃદયનો ધસમસતો આવેશ દેખાય છે. ખબરદારનાં એવાં કાવ્યોમાં પોચટ લાગણીશીલતા નહિ, પણ અડગ ટેકીપણું પ્રગટે છે. ગુજરાતના ગૌરવ વિશેનું એમાં કેવળ મનનગુંજન નથી, પુરુષાર્થ અને શૌર્યત્વ વિશેનું એમાં પ્રબોધન પણ છે.

માનવસંસ્કૃતિના ભાગ તરીકે ભારતીય સંસ્કૃતિનો અને ભારતીય સંસ્કૃતિના ઘટક તરીકે ગુજરાતની પ્રજાની સંસ્કારિતાનો અભ્યાસ કરવો ઘટે. આપણા કવિઓએ ગુજરાતનાં ગીતો રચતી વેળાએ ભારતને તથા જગતને વિસારે નથી પાડ્યું. ખબરદારની ગુજરાતપ્રીતિનું વર્તુળ ભારત તથા જગતપ્રીતિનાં વર્તુળોને સ્પર્શે છે. "ભારતખંડાને જાળવવા, જગમાં શાંતિ સુધા ઠાલવવા" ગુજરાતીઓ આગળ આવે એવી કવિઆકાંક્ષા ઉપર્યુક્ત દૃષ્ટિબિંદુનું જ નિદર્શન છે.

ન્હાનાલાલ-ખબરદારે લખેલાં ભાવોલ્લાસથી છલકાતાં ગુજરાતપ્રીતિનાં કાવ્યોની સરખામણીએ પ્રો. ઠાકોરનું કાવ્ય "ગાંડી ગુજરાતને" અલગ પંગતમાં બેસે એવું છે. સર વિઠ્ઠલદાસ ઠાકરસીએ શ્રી. કર્વેને યુનિવર્સિટી માટે પંદર લાખનું દાન આપેલું. "એક ગુર્જર "સર" બંધુને લાકખોનો ધુમાડો ગુજરાતની બહાર કરતો જોઇને" ઠાકોર ઉકળી ઉઠેલા:

" ગાંડી ઓ ગુજરાત, ઉદાર પાડોશી ભણી,
પય તુજ ધાવી, માત, પાડોશી ગરવા બને."

: "ભણકાર, "૧૯૫૧:

ગુજરાત વિશેની આવી કડવી હકીકત કહેતું કાવ્ય લખવા માટે પોતાને કોઇ સંકુચિત પ્રાંતવાદી કહેશે એની સ્વતંત્રમિજાજના ઠાકોરને તમા નથી. ઘરનાં છોકરાં ઘટી ચાટે અને ગુજરાત "વેવલી" કહેવાય તે ઠાકોરથી સહ્યું જતું નથી:

"બાળતણી લે ભાળ એ જ એક કથવું ત્હને,
ભલે પછી કર ન્હાલ પરને, ઉદાર માવડી."

દોષદર્શી કે નિરાશાવાદીની જેમ ગુજરાતની ખોડખાંપણોને આગળ ધરવામાં ઠાકોર માનતા નથી. ગુજરાત એમને પણ વહાલી છે. ઠાકોર લખે છે:

"આપણાં સર્વ અવસ્થાનાં સ્ત્રીપુરુષોમાં ચારિત્ર, નીતિ, બુધ્ધિ અને હૃદયના અનેક મોટા ગુણો છે એ પણ હું આનંદ અને અભિમાનથી સ્વીકારું છું."[14] ગુજરાતની વેવલાશભરી અતિપ્રશસ્તિથી ગુજરાતનું અહિત થવાનું છે એવી માન્યતાથી પ્રેરાઇને ઠાકોર કર્તવ્યબુધ્ધિપૂર્વક કહે છે: "જે ગુજરાતને આપણે ગરવી બનાવ-વાની છે તેનામાં હાલ જે ખામીઓ અને દોષો છે તે યથાવત્ જોવાં જાણવાં, અને માપવાં, એ પણ આપણા કર્તવ્યનું એક આવશ્યક અંગ છે.."[15] આવી ધર્મબુધ્ધિથી પ્રેરાઇને કવિએ "ગાંડી ગુજરાતને" કાવ્ય લખ્યું છે.

અહીં વસન્તવિનોદી, લલિત, દેશળજી પરમાર, કલ્યાણજી મહેતા વગેરેની ગુજરાતવિષયક કૃતિઓની નોંધ કરી લઇએ. વસન્ત વિનોદી :ચન્દુલાલ દેસાઇ: "ટહુકાર":૧૯૧૯:માં "ભલી હિન્દની રસિક ભૂમિ ગુર્જરી"ની પ્રૌઢ શોભાને બિરદાવે છે. "જગભરી ગુર્જરી"માં લલિત "દશે દિશે સાહસે વિસ્તરે હિન્દે ને પૃથ્વી-પડથાર!" - એમ ચોપાસે ફેલાયેલા ગુજરાતને અભિનંદે છે. "લલિતનો લલકાર"-૧૯૫૧: લલિતના ગુજરાતના "જયગીત" :૧૯૧૬: માં અમદાવાદ, ખંભાત, ભરૂચ વગેરે સાથે મુંબઇ-કરાંચીને પણ ગુજરાતનાં નગરો ગણવામાં આવ્યાં છે, તે પ્રસ્તુત બન્ને શહેરોમાંનો ગુજરાતીઓનો પ્રસ્તાર તથા એ શહેરો સાથેનો ગુજરાતનો ઘરોબો સૂચવે છે.. દેશળજી પરમાર "ભિન્નરાયન"માં ગુજરાતને આ રીતે વર્ણવે છે:

"વર્ણવર્ણનાં લોકલોકની લલિતકલાની,
શૌર્યજંગના પ્રણયરંગની ધર્મપ્રભાની,
તું મહાજનની ગુજરાતભૂમિ."

શ્રી.ચન્દ્રશંકર પંડયાનું "ગુજરાત! તેડે હિંદ રાષ્ટ્રયજ્ઞ ઉત્સવે,"[16] શ્રી.બચુભાઇ રાવતનું - "ભરતભૂમિની ગુણવંતી લઘુ પુણ્યવતી રસભૂમિ,
સત્યાગ્રહની કર્મભૂમિ તું, ઝઝૂમીએ જહીં ધૂમી,
જયગાન ગજવતાં માત, તુજને વંદન જયગુજરાત!"[17] - એ

કાવ્ય તથા શ્રી કલ્યાણજી મહેતાનું કાવ્ય "ગુર્જરી કોણ કહે કંગાળ,
માત મુજ[illegible] મીઠી દિલ દરિયાવ!"[18]

-ઉલ્લેખનીય ગણી શકાય.

ગાંધીયુગની કવિતામાં તંદુરસ્ત પ્રાદેશિકભક્તિનું વલણ પરિપુષ્ટ થતું દેખાય છે. પૂર્વે નર્મદમાં શૌર્યત્વનો ઉદ્રેક અનુભવાયો હતો. પરંતુ સ્વાતંત્ર્યની લડતને કારણે ખબરદારના સમયથી ગુર્જરભૂમિ પ્રીતિનાં કાવ્યોમાં શૌર્યત્વનો વિશેષ આવિષ્કાર થતો દેખાય છે. "રણશિંગા ફૂંકાય ફરી આ" એમ કહીને શૌર્યજંગનાં ગીતો ખબરદાર તથા એ પછીના કવિઓએ ગાયાં છે. વેપારી ગણાયેલા ગુજરાતમાં શૌર્યત્વનો આવિષ્કાર શક્ય છે એમ આપણા કવિઓ નર્મદના વારાથી પ્રતીતિપૂર્વક કહેતા થયા હતા. ગુજરાતના વેપારી સાહસને વીરત્વનાં વિવિધ પ્રગટીકરણોમાંના એક પ્રગટીકરણ તરીકે જોઇ શકાય. ચન્દ્રવદન "જય હો ગરવી ગુજરાત" :"ઇલાકાવ્યો": માં એવા દૃષ્ટિબિંદુપૂર્વક કહે છે: "દરિયો ખેડે, ધરતી છેડે, સોદાગર કંઇ સાહસબાજ." ગુજરાત ઉપર ઢીલાપણાનું મહેણું હોય એ ગુજરાતના કવિઓને ખૂચ્યું છે. નર્મદયુગના હરગોવિંદદાસ કાંટાવાળાએ"પાણીપત અથવા કુરૂક્ષેત્રમાં પ્રશ્ન પૂછ્યો હતો:

"વળી વિશેષ ગુર્જર લોકો, તમને લાજ ન આવે કયમ?
હીંગતોળુ કહી હસે તમોને, બીજા લોકો ગણે નરમ !"

ગુજરાતની પ્રજાને ભૂતકાળનો શૂરવીરતાનો વારસો પ્રાપ્ત થયેલો છે. વર્તમાનકાળમાં પણ એ પ્રજા શૂરવીરતાનો ગુણ વિકસાવી શકે એમ છે, એવી નર્મદે આશા વ્યકત કરી છે. શ્રી. અરવિંદે સૂરતમાં ૧૯૦૭ની ઐતિહાસિક કોંગ્રેસ મળવાની હતી તે પહેલાં થોડા સમયે એમના "વંદે માતરમ્" ના તા. ૨૨-૧૨-૧૯૦૭ના તંત્રીલેખમાં પ્રસ્તુત આશાને જુદી રીતે વ્યક્ત કરી હતી. શ્રી. અરવિંદનો હેતુ ગુજરાતને રાજકીય દૃષ્ટિએ જાગૃત કરવાનો હતો. એમના શબ્દો આવા હતા: "ગુજરાતને માથે એક મહેણું છે કે તેના લોકો ઢીલા :ટિમિડ: અને વધુ પડતા શાંતિવાદી અને સલામતી શોધનારા છે... આ રીતની ખામી તેમના સ્વભાવમાંની કોઇ કાયરતાને લીધે ઊભી થયેલી નથી, પણ આ પ્રાંતોનાં :બંગાળ-ગુજરાતનાં: હવાપાણી એવાં છે તથા જમીન એટલી તો ફળદ્રુપ છે કે તેને લીધે પ્રજામાં એક રીતની મંદતા આવી ગયેલી છે તથા ચૈતન્ય અને વલ્લભાચાર્યની ધાર્મિક અસરને લીધે લોકો શાંતિપ્રિય અને લાગણી- પ્રધાન

બની રહેશે છે...૦૦ આપણે ભૂલવું ન જોઇએ કે ગુજરાત પાસે પણ એક ઘણો મહાન ભૂતકાળનો વારસો પડેલો છે. ગુજરાત પાસે વિદ્યા અને ધર્મની મહાન પરંપરાઓ રહેલી છે. તેના પૂર્વજોએ સાહસ અને શૌર્ય બતાવેલાં છે."૧૯ ગુજરાતમાં કોઇ "કોન્સ્ટીટ્યુશનલ કાવર્ડાઇસ" રહેલી નથી એમ કહીને શ્રી અરવિંદે આશા વ્યક્ત કરી હતી કે રાષ્ટ્રવાદના સ્પર્શે બંગાળે જેમ ઢીલા-પણાનું મહેણું ભૂસી નાખીને સ્વરાજ્યની લડતમાં મોખરાનું સ્થાન લીધું એમ ગુજરાત પણ લેશે. આ આશા ગાંધીયુગના ગુજરાતે સાર્થ કરી બતાવી એમ કહી શકાય.

સ્વાતંત્ર્યની લડતમાં ગુજરાતના જીવનમાં પ્રગટેલા પરાક્રમભાવનો પડઘો સ્વાભાવિક રીતે જ કવિતામાં પડેલો છે. ઉદાહરણ તરીકે, ચન્દ્રવદન-ને ગુજરાત એની ગરબે ઘૂમતી નારી, લીલી કુંજાર વનસ્પતિ, સરિતાઓ, સુંદર ડુંગર ગીર ઇ. ને કારણે ગમે છે. પણ બારડોલીની લડતમાં ગુજરાતે દાખવેલા પરાક્રમથી કવિને ગુજરાત "અદકી વ્હાલી" લાગે છે. :"બારડોલી" કાવ્ય: ગુજરાતનું સૌંદર્ય તથા શૌર્ય, ગુજરાતનાં પ્રેમ અને પરાક્રમ એકમેકને અધિક ઉજ્જવળ કરતાં જોઇને કવિ હરખાય છે.. ચન્દ્રવદનની ગુજરાત પ્રત્યેની "અજબ ભક્તિની અચલ દીપરેખા" "ગુજરાત" કાવ્યમાં સોહે છે. કવિની ઝંખના છે: "લીધો જનમ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં."

જગત આખામાં ભમીએ, પણ ગુજરાતની માયા કેમ વિસરાય? "જીવન જંગે જગત ઘૂમ્યા, પણ વિસરી નહિ ગૃહમાયા," એ ભાવ સુન્દરમે "વસુધા"ના "ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે" એ કાવ્યમાં વ્યક્ત કર્યો છે. ગુજરાત પ્રત્યેનો આવો જ મમત્વયુક્ત ભાવ ઉમાશંકરના "મોરી ગુજરાત" (:"નિશીથ":) કાવ્યમાં દ્રષ્ટિગોચર થાય છે.

"મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે,
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે."

---

૦૦ બંગાળની જેમ ગુજરાત કવિ લલિતને "દિલપેલો" પ્રદેશ લાગ્યો છે.

"ઝાઝેરી" શબ્દ વિશે ઉમાશંકર નોંધે છે: "ઝાઝેરી, કેમ કે હિન્દના અન્ય વિભાગોને મુકાબલે વસ્તુત: ભલેને નાની હોય પણ આપણને ઝાઝી જ લાગવાની." ઉમાશંકરે "આતિથ્ય" માં "વીજભરી વાદળી શી છલતી ગુજરાતણ" વિશે એક કાવ્ય રચ્યું છે.

કરસનદાસ માણેક પાસે ગુજરાતનાં સૌંદર્યસ્થાનોને નિહાળવાની વિશેષ પરખ લાગે છે. ગુર્જરી કુંજોમાં રૂપના સાગર સૂકાયેલા એમને દેખાતા નથી. "ગુર્જરી કુંજો સૂની નથી હજુ કોયલ બુલબુલ બોલે," (:"આલબેલ":). "અભિસાર" માં "તુજ મહિમા શો ગાઉં ગુર્જરી" એવો પ્રશ્ન પૂછીને મનસુખલાલે ગુજરાતમાં જે સિધ્ધિવૈભવ નથી અને જે છે તેનું બયાન કર્યું છે. "તુજ મહિમા" તથા "જય જય ગરવી ગુજરાત" (:"અનુભૂતિ":) જેવાં પ્રાદેશિક ભક્તિનાં કાવ્યો ગુજરાતનાં પ્રસિધ્ધ સ્થળો, પ્રકૃતિશોભા, મહાનપુરૂષો વ.ની સુંદર શબ્દોએ મઢેલી યાદી જેવાં બની રહે છે, તે આ પ્રકારનાં કાવ્યોની એક મર્યાદા ગણી શકાય. વળી, અમુક મહોત્સવો કે મેળાવડાઓને અનુલક્ષીને લખાયેલાં ગુર્જરપ્રશસ્તિનાં કેટલાંક કાવ્યોમાં ભાવની ઔપચારિકતાનો અનુભવ થાય છે.

ખબરદાર પછી ગુજરાત વિશે સંખ્યા અને સત્ત્વની દ્રષ્ટિએ નોંધપાત્ર કાવ્યો લખનાર પૂજાલાલ છે. કવિએ "ગુર્જરી" કાવ્યસંગ્રહમાં ગુજરાતના ચરોતર, મહીસાગર, વડોદરા, પંચમહાલ, સોરઠ, કચ્છ જેવા વિવિધ ભૂમિપ્રદેશોની વિશિષ્ટતાઓને વહાલપથી પ્રશંસેલી છે. કવિના "વૈજયંતી" કાવ્યસંગ્રહમાં પણ ગુર્જરપ્રીતિનાં કાવ્યો મળે છે. ગુજરાતના કેટલાક સપૂતો- દયાનંદ સરસ્વતી, ગાંધીજી, સરદાર વલ્લભભાઇ, પુરાણીભાઇઓ, વ.ને પૂજાલાલે એ સૌના વિશિષ્ટ ગુણો કથીને કાવ્યસંબોધનો કર્યાં છે. "ગુર્જરી" માં દયાનંદ સરસ્વતીને સૌરાષ્ટ્રના બીજા ગિરનાર તરીકે ઓળખાવ્યા છે:

"ના એક, બે ગિરિવરો ગિરનાર તારા,
સૌરાષ્ટ્ર, એક અચલાત્મક સિધ્ધસાર,
બીજો મહૌજસ મહર્ષિ સ્વરૂપ, સારા
આર્યત્વનું પ્રતિનિધિત્વ ધરાવનાર." [૨૦]

પોતાના જન્મપ્રદેશ "ચરોતર" માટે કવિને વિશેષ સદભાવ છે:

"ભૂમિ ફળદ્રુપ કસે ભરપૂર પૂરી,
એનું ખમીર નવખંડ ગણંત નાના,
ચીલા ચરોતરતણા ચરતા બધેજ,
એના ઉદાર સરલાત્મ સપૂત દાના,
છાના રહે ન, ઝળકે મુખ સત્વ-તેજ."

કવિ ગુજરાતથી ખૂબ દૂર પોંડિચેરીમાં વાસ કરે છે. કદાચ એ કારણે ગુજરાત તરફની એમની પ્રીતિ તીવ્રતર બની હોય. પોંડિચેરીમાં શરદપૂનમની રાત્રિએ "રસોલ્લાસના.. રમણીય રાસ" ક્યાંય ન જોતાં કવિને ગુજરાતનાં સ્મરણો સ્ફુરી આવે છે. પૂજાલાલ ગુજરાતથી ભલે દૂર વસતા હોય, પરંતુ એમના હૃદયમાં લહેરાતી ગુજરાતની લીલીછમ સ્મૃતિનો અણસાર એમનાં કાવ્યોમાંથી મળી રહે છે. કવિએ "વૈજયંતી" ના નિવેદનમાં જ કહ્યું છે: "...હું અહીં પોંડિચેરીમાં આવ્યો ત્યારે મારી સાથે મારા હૃદયમાં રમમાણ આખું યે ગુજરાત આવ્યું. ગુજરાતના જીવનપ્રવાહો સૂક્ષ્મભાવે મારી રગેરગમાં વહી રહેલા છે". એટલે તો ગુજરાતના ગુણ વિવિધપેરે ગાવા માટે કવિ પ્રેરાય છે:

" ગાઉં ગુણ તારા, હે ગુજરાત !
જગભરમાં તું જંગમરૂપે રાજે કૈં રળિયાત !
...તારે નામે મારગ દેતા સાગર સાતે સાત!
:"ગાઉં ગુણ તારા," "વૈજયંતી":

અદ્યતન કવિઓમાં ઉશનસે "ગૂર્જરી સ્તોત્ર" :"પ્રસૂન": માં ગુજરાતની તાસીરને સુભગરીતે આલેખી છે:

"જય હે ગુણિયલ, હે અમિયલ ગુર્જરભૂમિ, !
..હે વ્યવહારકુશળ, દાનેશ્વરી પ્રેમપરાક્રમશૂર!
તવ મુખ આભામંડળ વિલસે રવિશશી ઉભયે નૂર!
વિશ્વસભામાં સહુ સંગે તવ આસન જોઉં નજૂમી."

જયંત પાઠકે "ઓ મારી ગુજરાત!" :"મર્મર": માં ગુજરાતને "ઉપવન અણમૂલ" તરીકે ઓળખાવીને કહ્યું છે:

"અમે મા એ ઉપવનનાં ફૂલ,
સમય આવતાં વજ્ર બનીશું, સાચવશું ના જાત !"

પ્રજા તરીકે કોમળતા અને પરુષતાનાં લક્ષણોને એકી સાથે સિધ્ધ કરવાની આવી આકાંક્ષા આધુનિકકાળના કવિઓએ સેવેલી છે.

:૨:

સૌરાષ્ટ્ર વિશેનાં કેટલાંક કાવ્યોનો પ્રાદેશિકભક્તિની કૃતિઓ તરીકે અહીં જ ટૂંકો ઉલ્લેખ કરી લેવા ધાર્યો છે. ગુજરાતપ્રીતિ આમ તો રાષ્ટ્ર-પ્રેમનો એક ક્ષેત્રીય :રીજીઓનલ: આવિષ્કાર ગણાય. એ ક્ષેત્રીય આવિષ્કારનું પણ સૌરાષ્ટ્રભક્તિનાં કાવ્યોરૂપે એક વિશિષ્ટ સ્વરૂપ ગુજરાતી કવિતામાં પ્રગટેલું છે.

નીલકંઠ જીવતરામે "સૌરાષ્ટ્ર દર્શન" :"કાવ્યકમલાકર," ૧૮૯૭:માં નર્મદના "સૂરત" કાવ્યની ઢબે દુ:ખોદ્ગાર કાઢેલા છે:

"શા સોરઠ ત્હારા હાલ! બગડતાં કાળ,બન્યા દુ:ખદાઈ,
રે! કહાં ગયાં ધન માન અને મરદાઈ,
આ ભરતભૂમિમાંય, સહુજન ગાય, મહિમા તારો,
તું તેજવંત ચહુદિશ ચળકતો તારો."

પ્રજાહિત પ્રત્યે બેદરકાર રહેતા દેશીરજવાડાંના કેટલાક રાજવીઓનાં કાર્યોને જોતાં કવિને એક આદર્શ રાજવી તરીકે રા'ખેંગાર યાદ આવે છે:
"ક્યાં ગયો રાવ ખેંગાર?...દુ:ખી પ્રજા કરે પોકાર."

કવિ લલિતે સૌરાષ્ટ્રની લાક્ષણિકતા(૧૯૦૯માં)આ રીતે વર્ણવી છે: "અમે તો કાઠિયાવાડી, સરલ સૌરાષ્ટ્રવાસી!...રેલી કસુમ્બલ રંગ[૦૦] નયને, ચેતના જ જગાવિયે!" સૌરાષ્ટ્રને "એ સ્વર્ગકુંજ સરખી અમ માતૃભૂમિ" કવિ બોટાદકરે કહેલ છે. "શ્રોણી પરે સતત ભારતમાત જેને, ઊભી ગ્રહી વિમલ વારિધિને કિનારે", એવું સૌરાષ્ટ્ર કવિને ભાસ્યું છે.:"સ્રોતસ્વિની": અહીં જ "પૂરાણપ્રસિધ્ધ ઇતિહાસોજ્જ્વળ" સૌરાષ્ટ્ર વિશેનું કવિશ્રી ન્હાના-લાલનું કાવ્ય "ચારુવાટિકા" :"ચિત્રદર્શનો": યાદ આવે:

"રત્નાકર રત્ન ઝૂલે, ઝીલી જલદલમાં, હિન્દદેવી ઝૂલાવે,
વાળી મુઠ્ઠી ત્રિરત્નો જડી, કટિ ધરી શું, સ્હોય સૌરાષ્ટ્ર એવો."

---

૦૦ કસુમ્બલરંગ - અનુગામી કવિ મેઘાણીનો એક પ્રિય શબ્દ.

બોટાદકર તથા ન્હાનાલાલની સૌરાષ્ટ્ર વિશેની કલ્પનાનું સ્મરણ પ્રેરે એવું સૌરાષ્ટ્રચિત્રણ ત્રિભુવન વ્યાસે કરેલું છે: "હિંદદેવી તણી કમર પર ચમકતી દૃઢ કસી તીક્ષ્ણ જાણે કટારી!" : "ધન્ય!હો ધન્ય! સૌરાષ્ટ્ર-ધરણી," ("નવાંગીતો," ૨:).

પંડિતયુગ પછીના ગાળામાં સૌરાષ્ટ્ર પ્રશસ્તિનાં કાવ્યો ઓછા પ્રમાણમાં જોવા મળે. પરંતુ છેક અદ્યતનકાળમાં સૌરાષ્ટ્ર વિશેનાં પ્રજારામ, મકરંદ તથા શ્રીધરાણીનાં કેટલાંક સારાં કાવ્યો મળે છે. ઝાલાવાડી ધરતી – "વિરાટ જાણે ખુલ્લી હથેળી સમથલ, ક્ષિતિજે ઢળતી!" – ભલે રૂક્ષ, શુષ્ક દેખાય, પરંતુ પ્રજારામના હૈયે-કવિના હૈયે- એ જુદી રીતે વસી ગયેલી છે: "સન્યાસિની તણા, નિર્મળ શુભ વેષે ઉર મુજ ભરતી!" : "પ ર્ણા": "વતનપ્રેમ, જન્મભૂમિપ્રેમ, રાષ્ટ્રપ્રેમ- ને નામે સામાન્યરીતે જે લાગણીવેડા પ્રદર્શિત થતા હોય છે તેની સામે સચ્ચાઇના રણકારવાળી આવી કૃતિઓ" સરખાવવાનું શ્રી ઉમાશંકરે યોગ્યરીતે સૂચવ્યું છે.[૨૨]

મકરંદ દવેએ "ગોરજ"માં સૌરાષ્ટ્ર વિશે મર્મવાણી ઉચ્ચારી છે:

"સોરઠ સરવો દેશ મરમી, મીઠો ને મરદ,
એવો દુહાગીર દરવેશ દુનિયામાં દૂજો નહિ.
...સોરઠ કંવલો દેશ કાળ ન પાડે કરચલી,
નિરખું નિત અનિમેષ દુનિયામાં દૂજો નહીં."

શ્રીધરાણીએ "જીવવા માટે ત્યાગવા લાયક પ્રાંત" કાઠિયાવાડનું "પુનરપિ"-માં ચિત્ર દોર્યું છે: "આવળ બાવળ કેરો દેશ
ધોરીલો બેસ.
ધૂળ ઊડે ને ધગતા પાણા
અશોકના જ્યાં લેખ લીંપાણા."

જનમભોમકામાં સૌંદર્ય હોય કે ન હોય, પણ કવિ એના ઉપર વહાલપ વરસાવ્યા વિના ભાગ્યે જ રહી શકે.

ભારતમાતા : ૩:

ભારતમાં દેખાતા અપાર વૈવિધ્ય નીચે એક મૂળભૂત એકતા રહેલી છે. ભારતના પ્રાદેશિક વૈવિધ્યને ભૂંસી નાખીને એકવિધતાની ઉપાસના કરવાની-

એકરંગી સમાનતા સ્થાપવાની ચેષ્ટા કરવી અનર્થક નીવડે એમ છે. શ્રી. રસિકલાલ છો. પરીખ પૂછે છે એમ, "આ ઇન્દ્રધનુષ જેવી એકતા આપણને શા માટે અનિષ્ટ હોય? વિવિધ સ્વરોમાંથી ઉપજતો આ રાગ આપણને શામાટે ન રૂચે?" [૨૨] સમગ્ર ભારતીય જીવનને ખમીરવંત બનાવવા માટે ભારતના પ્રાદેશિક જીવનને અધિક ચેતનવંત બનાવવાની આવશ્યકતા સ્વીકારવી રહી. શ્રી. અરવિંદે યથાર્થ જ કહ્યું છે: "...The vigour of (India's)national life can exist only by the vigour of its regional life" 24

આપણો પુરુષાર્થ સંકુચિત પ્રાંતીયતા (Narrow provincialism) ને ડામવાનો પરંતુ તંદુરસ્ત પ્રાદેશિકતા (Healthy regionalism) ને ઉત્તેજવાનો હોવો જોઇએ. ગુજરાતના જીવનના આંતરસત્ત્વને રજૂ કરતાં ગુર્જરપ્રશસ્તિનાં કાવ્યોમાં તંદુરસ્ત પ્રાદેશિકભક્તિ દેખાય છે. એ ઘટના સમગ્ર દેશ માટેની પ્રીતિને પરિપોષક નીવડી છે.

દરેક પ્રદેશને એની વિશિષ્ટ સાંસ્કૃતિક અસ્મિતા હોય છે. એવી પ્રાદેશિક વિશિષ્ટતાઓનું સહમિલન સમગ્ર દેશનું તાણાવાણાની જેમ ગૂંથાયેલું ભાતીગળ સુસંવાદી સાંસ્કૃતિક પોત ઉપસાવવામાં મદદરૂપ થતું હોય છે. ટી. એસ. ઇલિયટે સાચું જ કહ્યું છે: "...The absolute value is that each area should have its characteristic culture, which should also harmonise with, and enrich, the cultures of neighbouring area."24

પ્રાદેશિક ભક્તિનાં કાવ્યો રચતી વેળાએ ગુજરાતના કવિઓનો મનોભાવ ઇલિયટે સેવેલા આગ્રહને અનુરૂપ રહેલો જણાય છે. તેનું એક નિદર્શન ૧૯૬૦ માં ગુજરાતનું ભાષાવાર રાજ્ય રચાયું ત્યારે ઉમાશંકરે સર્જેલા કાવ્યમાંથી મળી રહેશે: 'હું ગુર્જર ભારતવાસી; ઝંખો ભવભવ સર્વજનમંગલ મન મારું જગવાસી;' " હું ગુર્જર ભારતવાસી" થી શરૂઆત કરીને કાવ્યને અંતે કવિ "જગતનાગરિક" સુધી પહોંચે છે.(: "સંસ્કૃતિ," મે ૧૯૬૦:).. જ્યારે વૈજ્ઞાનિકો આઉટર સ્પેઇસ વલોવી રહ્યા છે ત્યારે કવિને આ પૃથ્વીથી ન્હાનું એકમ ભાગ્યે જ આકર્ષે. [૨૫]

૧૯૬૦માં ગુજરાતની ભાષાકીય રાજ્યરચના થઇ. એ ટાણાને ગુજરાતના એક પ્રમુખ કવિ સુન્દરમે હેતુપૂર્વક વધાવ્યું હતું:

"આ ભૂમિ ગુર્જરીની- અખિલ ધરતીને અંક બેઠી નિરાળી,
ધીંગેરા અદ્રિઓની, વિપુલ જલભરી નર્મદા-તાપીઓની,
બ્હોળાં રૂડાં તડાગો, ગહનહૃદય શાં કૂપ ને વાપીઓની,
મેં જન્મી આંખ ખોલી મબલખ છલતી હેતથી ભવ્ય ન્યાળી."

:"દક્ષિણા," ફેબ્રુ-એપ્રિલ, ૧૯૬૦:

શ્રી મનુ હ. દવેએ "સરસ્વતી" :૧૯૪૯: માં ગુજરાત પ્રત્યેની આપણા કવિની લાગણીનો નૈસર્ગિક છટાપૂર્વક એક લાક્ષણિક પડઘો પાડયો છે:

"ગુર્જર મારા જીવન કેરા શ્વાસ સમો પ્રિય દેશ."

---

## સંદર્ભ તથા પાદનોંધ

૧. 'The Renaissance in India", P.54, Sri.Aurobindo.

૨. ગુર્જરમંડળેશ્વર જયશિખરીના કવિરાજ શંકર બારોટે ભૂવડ મહારાજના રાજ્યદરબારમાં કહેલો દૂહો: "રત્નમાળ"માં, "કવીશ્વર દલપતરામ," ભા.૨, પૂર્વાર્ધ, પૃ.૨૪૨ ઉપર અવતરિત.

૩. "યુવક" જૂન, ૧૯૬૦, પૃ.૧૮, શ્રી.ઉશનસ્નો લેખ

૪. "અર્વાચીન કવિતા" પૃ.૫૦, સુન્દરમ્

૫. "નર્મદશતાબ્દીગ્રંથ" પૃ.૧૧

૬. "નર્મકવિતા" પૃ.૭૦૯

૭. "કવીશ્વર દલપતરામ, ભા.૩, પૃ.૧૧૪ ઉપર અવતરિત

૮. ૧૮૮૫ માં મુંબઇમાં મળેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની પહેલી ઐતિહાસિક બેઠકમાં જે પ્રસિધ્ધ દેશભક્તોએ હાજરી આપી હતી તેમાં મલબારી એક હતા.

૯. રાષ્ટ્રીય અસ્મિતાના આવિષ્કરણમા સ્વભાષા કેવો મહત્વનો ભાગ ભજવે છે એ વિશેનો શ્રી.અરવિંદનો મનનીય વિચાર આવો છે:

"No nation can grow without finding a fit and satisfying medium of expression for the new self into which it is developing- without a language which shall give permanent shape to its thoughts and feelings and carry every new impulse swiftly and triumphantly into the consciousness of all."- "Bankim-Tilak-Dayanand" P.9.

૧૦. "વિવિધ વ્યાખ્યાનો," ગુચ્છ ત્રીજો, પૃ. ૧૬

૧૧. "સાહિત્યવિચાર" પૃ. ૪૧૧

૧૨. "વિવિધ વ્યાખ્યાનો," ગુચ્છ ત્રીજો, પૃ. ૩૨

૧૩. એ જ, પૃ. ૩૨

૧૪. એ જ, "ગાંડી ગુજરાત" નિબંધ, પૃ. ૨૮૦

૧૫. એ જ, "ગુજરાતનાં પ્રશસ્તિકાવ્યો", પૃ. ૩૩-૩૪

૧૬. "સ્વદેશગીતામૃત" :૧૯૧૮:માં આ કાવ્ય મળે છે. સંપાદક: કાન્તિલાલ અ. મહેતા. "ચન્દ્રશંકરના કાવ્યો":૧૯૪૨:માં પાછળથી એ સંગ્રહિત થયું છે.

૧૭. "રાષ્ટ્રગીત" : ૩જી આ. ૧૯૨૩:માં આ કાવ્ય મૂકાયું છે: સંપાદક : ઈન્દુલાલ ક. યાજ્ઞિક.

૧૮. "સ્વરાજ્યનાં ગીતો" : બીજી આ. ૧૯૩૮: સંપાદક કલ્યાણજી મહેતા

૧૯. "ધ અવેકનીંગ ઓફ ગુજરાત"નામે શ્રી. અરવિંદનો મૂળ અંગ્રેજી લેખ"દક્ષિણા" નવેમ્બર, ૧૯૬૦ના અંકમાં છપાયો છે, સુન્દરમ્ કૃત એના ભાષાંતર સાથે, પૃ. ૬૮-૭૪. સુન્દરમે એ સમગ્ર લેખ વિશે નોંધ્યું છે એમ, "ગુજરાતને તેમાં શ્રી અરવિંદે કેવા તો લાડકોડથી જગાડયું છે તે જોઇ શકાશે." એ જ, પૃ. ૭૮.

૨૦. દયાનંદ સરસ્વતી વિશેના શ્રી અરવિંદના એક લેખના ભાવનો અહીં પડઘો પડતો લાગે. શ્રી. અરવિંદના લેખમાંથી એક વાક્ય:

"And something of the very soul and temperament of that peculiar land (Saurashtra) entered into his (Dayanand's) spirit, something of Girnar and the rocks and hills.."- "Bankim-Tilak-Dayanand", p. 40.

૨૧. "કવિની સાધના", પૃ. ૩૬; ઉમાશંકર જોશી

૨૨. ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૨મું વિલેપાર્લે અધિવેશન, પ્રમુખીય વ્યાખ્યાન, પૃ. ૩૪

૨૩. "Bankim-Tilak- Dayanand," p.21

૨૪. Notes Towards the Definition of Culture, p.54, T.S.Eliot.

૨૫. "યુવક," જૂન-૧૯૬૦, પૃ. ૨૨, શ્રી. ઉશનસ્.